ડાયરેક્ટ ❤ સે

રોજ શબ્દોનાં
સુંદર સંયોજન સર્જાય છે
છતાં
ક્યારેક
એક મૌન સામે
હારી જવાય છે

સીઆરપીઍફ દ્વારા શૌર્ય દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

૯ એપ્રિલ, ૧૯૫૬ના રોજ પાકિસ્તાની સેના દ્વારા પશ્ચિમી પાકિસ્તાન સીમાને અડીને સ્થિત ભારત શાસિત ક્ષેત્ર પર દાવો સ્થાપિત કરવા માટે ઑપરેશન 'ડેઝર્ટ હૉક' લૉન્ચ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળની બીજી બટાલિયનની કંપની પશ્ચિમી પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સીમા પર ગુજરાતના કચ્છના રણમાં સરદાર અને ટાક પોસ્ટની સુરક્ષા માટે તૈનાત હતી. ૯મી એપ્રિલે લગભગ ૩ વાગ્યે પાકિસ્તાની સેનાની ઈન્ફન્ટ્રી બ્રિગેડે સરદાર પોસ્ટની ચોકીઓ પર હુમલો કરી દીધો. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના જવાન બહાદુરીથી લડ્યા અને એમણે મદદ પહોંચી ત્યાં સુધી હિંમતપૂર્વક મુકાબલો કર્યો. આ હુમલામાં ૩૪ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને ૪ને બંદી બનાવવામાં આવ્યા. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના ૬ જવાન પણ આ યુદ્ધમાં શહીદ થયા. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના જવાનોએ દૃઢ સંકલ્પ અને વીરતાથી ૧૫ કલાક સુધી પાકિસ્તાની બ્રિગેડનો સામનો કર્યો ને એમને પાછા પગલાં કરવા માટે મજબૂર કર્યા હતા.

કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ દ્વારા રચવામાં આવેલા આ ઈતિહાસને યાદ કરવાના ઉદ્દેશ્યથી પ્રતિવર્ષ આ દિવસને દેશભરમાં શૌર્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ પ્રસંગે ભારતીય પોલીસ સેવા પશ્ચિમ સેક્ટરના પોલીસ મહાનિરીક્ષક રાજકુમારના નેતૃત્વમાં ગાંધીનગર રેન્જના પોલીસ ઉપ મહાનિરીક્ષક સુનિલ કુમાર પાર્થ, ગૃપ કેન્દ્ર, ગાંધીનગરના પોલીસ ઉપ મહાનિરીક્ષક રાજેશ ઢકરવાલ, કમાન્ડન્ટ દયા શંકર મિશ્રા અને સીમા સુરક્ષા દળના અધિકારીઓની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં અધિકારીઓ તથા અન્ય રેન્કના જવાનોએ સરદાર પોસ્ટ પર એકત્રિત થઈને શહીદોને સલામી અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

આ પ્રસંગે ગૃપ કેન્દ્ર, ગાંધીનગરમાં પણ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર રેન્જના દ્વિતીય કમાન્ડ અધિકારી અશોક કુમાર અને અધિકારીઓએ ક્વાર્ટર ગાર્ડ પર એકત્રિત થઈને શહીદોને સલામી અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. આ પ્રસંગે વિશેષ સૈનિક સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના જવાનો દ્વારા સરદાર પોસ્ટ પર પ્રદર્શિત વીરતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને શૌર્યભર્યા આ ઈતિહાસને યાદ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના એ વીર અધિકારીઓ અને જવાનોને સન્માનવામાં આવ્યા હતા, જેમને ભારત સરકાર દ્વારા વીરતા બદલ પદકોથી સન્માનવામાં આવ્યા છે.

આ પ્રસંગે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ દ્વારા 'શૌર્ય દિવસ' નિમિત્તે તૈયાર કરવામાં આવેલી શૉર્ટ ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. બાળકો માટે ચિત્ર અને નિબંધ સ્પર્ધા તથા ખેલકૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

રમીલા ઠક્કર
લાયોનેસ ક્લબ

એચ એન સોની
મહામંત્રી, શહેર પેન્શનર્સ સમાજ

હરિશ એમ ગરૂબસાણી
મો. ૯૯૭૪૩ ૫૩૮૦૨

બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીનો ૨૫મો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૩

રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતુ કે, શિક્ષણવિદોએ આગળ આવી શિક્ષણ થકી સમાજમાં પ્રવેશેલી બદીઓને દૂર કરવા સમાજ જાગૃતિના કામને પ્રાથમિકતા આપવી જોઈએ.

બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૨૫માં વર્ષમાં મંગળ પ્રવેશે રજત જયંતિ મહોત્સવ નિમિત્તે 'રાષ્ટ્રે જાગૃયામ વયમ' રાષ્ટ્રીય સંમેલનમાં ખાસ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સંમેલનમાં ભારતની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતી, શિક્ષણવિદ્ તેમજ પ્રાધ્યપકો ભાગ લઈ રહ્યા છે.

રાજ્પાલશ્રીએ જણાવ્યું કે, ડૉ. બાબા સાહેબ આંબેડકરની વાત કરતા તેમણે ઉમેર્યું હતુ કે, ડૉ. બાબા સાહેબ આંબેડકરના લખાણમાં ગાધીજીના સમાજ એકતાની પ્રતિબિંબતા સતત જોવા મળે છે.

વધુમાં રાજયપાલશ્રીએ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, રવિન્દ્રનાથ ટાગોર અને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય જેવા દેશના સૂપૂતોને યાદ કરી ભારતીયતાના દર્શનની વાત કરી હતી.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા રાજયપાલશ્રીએ પાછલા ૨૪ વર્ષમાં બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પ્રગતિમાં સાથ આપનાર કર્મચારીઓ અને અધિકારીઓને શુભેચ્છા આપી હતી.

અંતમાં તેમણે ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમ દ્વારા દેશના વિદ્યાર્થીઓ વધુ ભણી ગણીને આગળ વધે અને દેશને ઉન્નતીના શિખર સર કરાવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉપસ્થિત શિક્ષણવિદોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં એવા અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે કે, જેથી સમાજમાં વધી રહેલા જાતિ-જ્ઞાતિના ભેદભાવમાંથી મુક્તિ મળી શકે.

રજત જયંતિ મહોત્સવ નિમિત્તે 'રાષ્ટ્રે જાગૃયામ વયમ' શિર્ષક હેઠળ ચાલનાર રાષ્ટ્રીય સંમેલન તારીખ ૧૩ અને ૧૪ એમ બે દિવસ ચાલશે. જેમાં દેશભરમાંથી આવેલ શિક્ષણવિદો પોતાના અભ્યાસપત્રો રજુ કરશે.

આ કાર્યક્રમમાં બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પંકજ જાની, બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કાર્યકારી કુલ સચિવશ્રી અમિબેન ઉપાધ્યાય, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી વિષ્ણુભાઈ પંડ્યા, પાઠ્યપુસ્તક મંડળનાં ઉપાધ્યક્ષ શ્રી નિતિનભાઈ પેથાણી તેમજ સમગ્ર ભારતની વિવિધ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, અને પ્રાધ્યાપક મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જલારામ મંદિર ખાતે આજે વિનામૂલ્યે દાંતની તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા. ૧૩

જલારામ મંદિર, સેકટર-૨૯ ખાતે વિનામૂલ્યે દાંતની તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો આપતાં મંદિર દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે તા.૧૪-૦૪-૨૦૧૮ને શનિવારના રોજ કર્ણાવતી દાંતની હોસ્પિટલ, ઉવારસદ દ્વારા સવારે ૧૦થી ૧૨-૩૦ સુધી વિના મૂલ્યે દાંતની તપાસનો કેમ્પ રાખવામાં આવ્યો છે. ગાંધીનગરની જનતાને આ કેમ્પનો લાભ લેવા સંસ્થા વતી વિનંતી કરવામાં આવી છે.

સ્વરોત્સવ અંતર્ગત રજવાડું ખાતે સૂર અને શબ્દની ઉજવણી

કાવ્ય સંગીતની રજૂઆત, નાટ્ય અને ફિલ્મી કલાકારોની કેફિયત જેવા કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

સ્વરોત્સવ અંતર્ગત રજવાડું ખાતે સૂર અને શબ્દની ઉજવણી કરવામાં આવે છે. જેમાં કાવ્યસંગીતના વિવિધ પાસા રજૂ થાય છે. આ વખતે ગુલમ્હોરી સાંજનો આ મિજાજ ૧૬ અને ૨૦થી ૨૨ એપ્રિલ દરમિયાન ઉજવાશે. જેમાં જાણીતા વક્તાઓ જીવન વિશે વાત કરશે, કવિ સંમેલન, ગુજરાતી કાવ્ય સંગીતની રજૂઆત, નાટ્ય અને ફિલ્મી કલાકારોની કેફિયત તેમજ હસાયરા જેવા કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમો રજવાડું, મલાવ તળાવ પાસે, જીવરાજ પાર્ક ખાતે યોજાશે, જેના પાસીસ રજવાડું ખાતેથી મેળવી શકાશે. .

૧૬ એપ્રિલ, સોમવાર

જીવન મને ગમે છે: વક્તાઃ મોરારિ બાપુ, શેખર સેન, ભીખુદાન ગઢવી, માયાભાઈ આહિર અને કૃષ્ણકાંત ઉનડકટ.

૨૦ એપ્રિલ, શુક્રવાર

શબ્દસંકીર્તન – જય વસાવડા.

મહેફીલ એ તરન્નુમઃ વિનોદ જોશી, દલપત પઢિયાર, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુક્લ, મકરંદ મુશળે, સુરેન ઠાકર 'મેહુલ'.

પૂછતી નહીં કેટલો પાગલઃ રૂપકુમાર અને સોનાલી રાઠોડ.

૨૧ એપ્રિલ, શનિવાર

ગમતાં સ્વરાંકનને સરનામેઃ ફાલ્ગુની પાઠક, શ્યામલ સૌમિલ અને આરતી મુનશી, નયનેશ જાની, સંજય ઓઝા, નયન પંચોલી, ઉદય મજુમદાર, માલવ દિવેટિયા, વિરાજ-બીજલ ઉપાધ્યાય, કલ્યાણી કૌઠાળકર અને અમર ભટ્ટ .

સંચાલનઃ તુષાર શુક્લ.

૨૨ એપ્રિલ, રવિવાર

શબ્દ સંકીર્તન- રીટા ત્રિવેદી.

મિત્રપટથી ચિત્રપટ સુધીઃ સિદ્ધાર્થ રાંદેરિયા અને અપરા મહેતા.

હસજો, નહિંતર મારા સમઃ સાંઈરામ દવે.

૧૪ અને ૧૫ એપ્રિલ દરમિયાન એલ. ડી. ઈન્ડોલોજી ખાતે

'ચેતના' અંગે રાષ્ટ્રીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૩

ચેતના એટલે ચૈતન્ય તત્ત્વ. છેલ્લા દાયકામાં સમગ્ર વિશ્વમાં ચેતના વિશે વૈજ્ઞાનિકો પણ ગંભીર ચિંતન કરી રહ્યાં છે. ચેતના જેવા અગમ્ય તત્ત્વનો સ્વીકાર એ જ આ યુગની સૌથી મોટામાં મોટી ઘટના કહી શકાય. ચેતનાનાં સ્વરૂપ અંગે જુદાં-જુદાં ચિંતકો જુદી-જુદી માન્યતા ધરાવે છે. ચૈતન્ય વગરનું શરીર મૃત કહેવાય છે એટલે કે ચૈતન્ય સમગ્ર જીવનનું કેન્દ્રવર્તી તત્ત્વ છે. જે જીવનની પ્રત્યેક ઘટના સાથે જોડાયેલું છે. જુદાં-જુદાં સમયે, અલગ-અલગ ભાવો નિર્મિત થતાં હોય છે, તેની અસર એક જન્મથી અનેક જન્મ સુધી લંબાતી હોય છે. આ દૃષ્ટિએ ચેતનાનાં અધ્યયનની આવશ્યકતા પર વિશ્વનાં ૫૦૦ વિજ્ઞાનીઓ કાર્યરત્ છે, એમ એલ.ડી.ઈન્ડોલોજીના ડાયરેક્ટર જિતેન્દ્ર બી. શાહે 'ચેતના-Consciousness'નાં વૈશ્વિક કાર્ય અંગે જણાવ્યું છે.

'ચેતના'નો સ્વીકાર મેડિકલ ક્ષેત્રે પણ થયો છે, એમ કહી જાણીતા વિદ્વાન જિતેન્દ્રભાઈ શાહે જણાવ્યું કે મેડિકલ ક્ષેત્રે જ્યારે કોઈ સર્જિકલ ઓપરેશન કોઈ સર્જન કરતાં હોય છે, તે પૂર્વે દર્દીને પૂર્ણ રીતે અથવા તો આંશિક રીતે અચેતન અવસ્થા થોડા સમય માટે કરવામાં આવે છે. આ જ રીતે ચેતના અને આત્મા વચ્ચેનાં ભેદ અંગેની જે વાત છે, એ પણ વિદ્વાનો દ્વારા વધુ રસપ્રદ રીતે સમજાવવામાં આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ પરિસંવાદમાં વિજ્ઞાનીઓ, જાણીતા મેડિકલ ક્ષેત્રનાં તજજ્ઞ ડોક્ટરો પણ આ અંગે વિશદ્ છણાવટ કરશે અને સૌથી મહત્ત્વનો અર્ક લોકોની સમક્ષ પ્રસ્તુત થશે. ઉલ્લેખનીય છે કે, તા.૧૪ અને ૧૫ એપ્રિલ દરમિયાન એલ. ડી. ઈન્ડોલોજી અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફિલોસોફિક રિસર્ચ, નવી દિલ્હીનાં સંયુક્ત ઉપક્રમે લેક્ચર હોલ, એલ.ડી.ઈન્ડોલોજી ખાતે 'ચેતના-Consciousness: પ્રાચ્ય અધ્યયન અને પાશ્ચાત્ય અભિગમ' અંગે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન તા.૧૪મીએ સવારે ૧૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.હિમાંશુ એ. પંડ્યાની ઉપસ્થિતિમાં થશે. જ્યારે અધ્યક્ષ સ્થાને પ્રો.એસ.આર.ભટ્ટ(ચેરમેન-ICPR, નવીદિલ્હી) રહેશે. મુખ્ય વક્તા તરીકે જાણીતા વિદ્વાન ડો. એ. વી. શ્રીનિવાસન પોતાના વિચારો રજૂ કરશે. આ પ્રસંગે પદ્મશ્રી ડો. સુધીરભાઈ શાહ, પ્રો.નરેન્દ્ર ભંડારી, અમદાવાદ સહિત દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગ્લૂરુ, ઉદયપુરથી ૧૫થી વધુ વિદ્વાનો પોતાનું શોધપત્ર રજૂ કરશે. આ પ્રસંગે સંશોધકો અને વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહેશે. આ સેમિનારમાં મનોવિજ્ઞાન, ચિકિત્સાવિજ્ઞાન, દર્શન તથા ભારતીય વિદ્યાના અગ્રણી સંશોધક પોતાનાં શોધપત્ર પ્રસ્તુત કરશે.

સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના પ્રહરી

ડૉ. ભીમરાવ આંબેડકરે ૧૯૪૯માં બંધારણ સભામાં આપેલા પ્રવચનના અંશો

સ્વતંત્ર ભારતનું બંધારણ ૨ વર્ષ ૧૧ માસ અને ૧૭ દિવસમાં તૈયાર કરવામાં આવ્યું. બંધારણ સભાના ૧૧ સત્રોમાં ૧૬૫ દિવસ કામ થયું. ૧૧૪ દિવસ બંધારણના મુસદ્દા અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યા. મુસદ્દા સમિતિ ધ્વારા જે રૂપમાં બંધારણનો પ્રથમ મુસદ્દો રજુ કરવામાં આવ્યો હતો, એમા ૩૧૫ અનુચ્છેદો અને ૮ અનુસૂચિઓ હતી. વિચાર વિમર્શ પુરાં થતા, બંધારણના મુસદ્દામાં અનુચ્છેદોની સંખ્યા વધીને ૩૮૬ થઈ ગઈ. બંધારણના અંતિમ મુસદ્દામાં ૩૯૫ અનુચ્છેદ અને ૮ અનુસૂચિઓ આખરી કરવામાં આવી. આ મુસદ્દામાં લગભગ ૭૬૩૫ સુધારા સુચવાયા એમાંથી સભામાં ૨૪૭૩ સુધારા રજુ કરવામાં આવ્યા હતા.

નવેમ્બર ૧૯૪૯માં ભારતની બંધારણ સભામા ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલું પ્રવચન ખરેખર તેમની વિધ્વતાની પ્રતિતિ કરાવે છે. આ પ્રવચન ખુબ લાંબુ છે. પરંતુ તેના કેટલાક અંશો આ મહામાનવની ૧૨૭મી જન્મ જયંતિ નિમિત્તે અહીં પ્રસ્તુત કર્યા છે.

"મારા મિત્ર અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયર અને ટી.ટી. કૃષ્ણમાચારીએ આ બંધારણનો બચાવ અને સંરક્ષણ કરવાનો પ્રયાસ કર્યો છે, એટલે આ બંધારણના ગુણો વિશેષ હું કંઈ વિશેષ કહેવા માંગતો નથી, કારણ કે મારૂં માનવું તો એવું છે કે "બંધારણ ગમે તેટલુ સારુ હોય જો તેનો અમલ કરનારા ખરાબ હોય તો બંધારણ નિઃસંદેહ ખરાબ જ સાબિત થવાનું અને એથી વિપરીત બંધારણ ગમે તેવુ ખરાબ કેમ ન હોય,પણ એનો અમલ કરનારા સારા હોય તો ખરાબમાં ખરાબ પણ સારુ સાબિત થાય છે.

સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શો બાબતમાં બાબાસાહેબે તેમના પ્રવચનમાં કહ્યું કે, "આપણે રાજકીય લોકતંત્ર માત્રથી સંતૃષ્ટ થઈ જવાનું નથી. આપણા રાજકીય લોકતંત્રને આપણે સામાજિક લોકતંત્રમાં પરીવર્તિત કરવાનું છે. જો સામાજિક લોકતંત્ર સ્થપાય નહી તો રાજકીય લોકતંત્ર સદૈવ બની રહે એવું શક્ય પણ નથી. રાજકીય લોકતંત્રનો આધાર સામાજિક લોકતંત્ર પર અવલંબે છે. સામાજિક લોકતંત્રનો શો અર્થ છે ? એનો અર્થ જીવન જીવવાનો એવો માર્ગ છે. જેમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શો જીવનમાં વણાયેલા હોય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાને અલગ અલગ નહી પણ સંયુક્ત રીતે જ ચરીતાર્થ થયેલા હોય તો જ એ સામાજિક લોકતંત્ર છે. આ ત્રણે મૂલ્યોના સંયુક્તકરણથી તે પેદા થાય છે, અને એક નો બીજા સાથે વિચ્છેદ કરવાથી એનુ મૂળ પ્રયોજન જ નષ્ટ થઈ જાય છે. સ્વતંત્રતાને સમતાથી પૃથક કરી શકાય નહી. તેવી જ રીતે સમતાને સ્વતંત્રતાથી અલગ પાડી શકાય નહી. એવી જ રીતે સ્વતંત્રતા અને સમાનતાને બંધુતાથી અલગ પાડી શકાય જ નહી. સમતા વિહીન સ્વતંત્રતાથી કેટલીક વ્યક્તિઓનુ અનેક વ્યક્તિઓ ઉપર પ્રભુત્વ પેદા થઈ જશે. સ્વાતંત્ર વિહિન સમતા વ્યક્તિગત ઉપક્રમને નષ્ટ કરશે. બંધુતા વિના સ્વતંત્રતા અને સમતા પોતાનુ સ્વાભાવિક માર્ગ ગ્રહણ જ નહી કરી શકે અને પ્રશસ્ત કરવા માટે તો સિપાઈની આવશ્કતા પેદા થશે.

ભારતીય સમાજમાં બે બાબતોનો પૂર્ણ અભાવ છે. એમાં એક સમતા અને સામાજિક સ્તરે આપણો ભારતીય સમાજ એક એવો સમાજ છે જે ક્રમાનુસાર નિશ્ર્વિત અસમાનતા(ĥિĥ ĥ ĥ ĥ) સિધ્ધાંત પર આશ્રિત છે. જેનો અર્થ એટલો જ થાય કે કેટલીક વ્યકતિઓની ઉન્નતિ અને કેટલાકનું પતન. આર્થિક રીતે આપણો સમાજ એક એવો સમાજ છે, જેમાં કેટલાક લોકો એવા છે. જેમની પાસે અઢળક સંપત્તિ છે અને કેટલાક લોકો એવા છે કે નરી ગરિબાઈમાં સબડે છે. એક બીજી બાબતનો ઉલ્લેખ કરવા માંગુ છું. આપણા જીવનમાં બંધુત્વના સિધ્ધાંતનો અભાવ છે. આપણે બંધુત્વના મૂલ્યને ચરિતાર્થ કરવાનો છે. બંધુત્વનો અર્થ શું છે ? બંધુત્વનો અર્થ એ છે કે સમસ્ત ભારતીયોમાં ભાઈચારાની ભાવનાનો ઉદય. જો સમગ્ર ભારતવાસીઓ એક છે એમ આપણે કહીએ તો આ સિધ્ધાંત ધ્વારા આપણા સામાજિક જીવનમાં દ્રઢતા અને એકતા પેદા થશે. બંધુત્વ ત્યારે જ સિધ્ધ થાય જયારે આપણે એક રાષ્ટ્રની વિભાવનાને સાર્થક કરી શકીએ.બંધુત્વ વિના સમતા અને સ્વતંત્રતાની જડ છીછરી હશે, ઉંડી નહી હોય. આપણી સામે જે સમસ્યાઓ છે એના અંગે આ મારા વિચારો છે. શકય છે કે કેટલાક લોકોને આ વિચારો પસંદ ન પડે. પણ એક વાતનો ઈન્કાર કરી જ શકાય તેમ નથી. કે સદીઓથી આ દેશમાં રાજકીય શક્તિ આંગળીઓના વેઢે ગણી શકાય એટલા લોકોના કાબુમાં અને કબજા હેઠળ રહી છે. જ્યારે અધિકાંશ લોકો તો ભાર વેઠનાર પશુઓ જ નહી હકીકતમાં પશુઓ જેવુ જીવન જીવવા મજબુર બનેલા છે. આવા એકાધિકારના પરિણામને બહુજન સમાજ પોતાની દશા સુધારવાના અવસરોથી વંચિત રહ્યો નથી પણ એથી એ વિશેષ તો જીવન માટેનું મહત્વનું જે તત્વ ગણી શકાય તે પણ નિચોવી લીધુ છે, આ દલિતવર્ગો શાસિત હોવાને લીધે જ પરેશાન છે. હવે તેઓ પોતે જ પોતાના ઉપર શાસન કરવા માટે પ્રવૃત થયા છે અને એની બેચેનીથી રાહ જોવે છે. પદદલિત વર્ગોમાં અત્યારે જે સ્વાનુભૂતિ પેદા થઈ છે. તેને વર્ગસંઘર્ષ કે વર્ગયુધ્ધમાં પરિણિત થવા દેવી ન જોઈએ. એવું થશે તો વિભાજન થઈ જશે અને એ દિવસ પ્રલયનો દિવસ હશે. એટલે વંચિતોની આકાંક્ષાઓની જેટલી શિઘ્રતાથી પુરતી કરી શકાય તેટલી પુરી કરવી. થોડીક વ્યક્તિઓની સ્વાધિનતા બનાવી રાખવા માટે પણ જરૂરી છે, અને એમાં જ લોકમતની જે રૂપરેખા બંધારણ રચીને આંકી છે. તેમાંજ સૌની ભલાઈ છે. આ ત્યારે શકય બને જયારે સમતા અને બંધુત્વ જીવનના તમામ ક્ષેત્રોમાં પાંગરે અને વિકસે અને એટલા માટે જ મે આ મૂલ્યો પર આટલુ દબાણ પૂર્વક કહ્યુ છે. "જો આપણે બંધારણનું રક્ષણ કરવા માંગતા હોઈએ તો આપણે સંકલ્પ કરવો પડશે કે જનતાનું, જનતા ધ્વારા, જનતા માટેનું શાસન અને એ માટે આપણા માર્ગમાં જે બુરાઈઓ છે, તે બુરાઈઓને સમજવામાં વિલંબ ન કરીએ. અને એ બુરાઈઓને હટાવવામાં નિર્બળતા ન દાખવીએ. દેશની સેવા કરવાનો આ જ એક માર્ગ છે. અને એનાથી વધારે સારા માર્ગનો મને પરિચય નથી"

- પ્રવીણ શ્રીમાળી
મો. ૯૮૨૫૫ ૬૩૮૪૮